Extra No. 25

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **MONDAY, JANUARY 19, 2026 / PAUSA 29, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો :

૧. “નાયબ વન સંરક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગરના પત્રનં.બ/૫૨ચ/પોળો/૧૩/૪૫૩૪-૩૬/૨૦૨૫-૨૬, તા.૩૦/૧૨/૨૦૨૫.

૨. ભારતીય નાગરરિક સુરક્ષા સંહિતા સને.૨૦૨૩ની કલમ-૧૬૩.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.ડીસી/પીઓએલ/પોળો/જંગલ/પ્લાસ્ટીક પ્રતિબંધ/જાહેરનામું/વશી/૦૧/૨૦૨૬-સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના પૌરાણિક જંગલોમાં ૧૪ જેટલા પૌરાણિક લાખેણા જૈન મંદિર તથા શારણેશ્વર મંદિર પુરાતત્વ મંદિરો આવેલ છે. જેના ટુરીઝમ વિકાસ માટે ટુરીઝમ કોર્પોરેશન ગુજરાત સરકાર તથા વન વિભાગ દ્વારા. ઈકો ટુરીઝમ સેન્ટરના વિકાસની કામગીરી કરવામાં આવે છે. આથી ગુજરાત રાજયમાં ખ્યાતિ વધતા સદર વિસ્તારમાં સતત પ્રવાસીઓનો વધારો થાય છે.

પ્રવાસીઓ પોતાની સાથે નાસ્તા અને અન્ય ચીજવસ્તુઓ લઈને પોળોના જંગલમાં આવે છે. તેમાં મોટા ભાગે પ્લાસ્ટીક બેગનો ઉપયોગ થાય છે. આથી પોળો જંગલોમાં પ્લાસ્ટીકના ઉપયોગથી પર્યાવરણ તેમજ વન્ય પ્રાણીઓને ઘણું નુકશાન થાય છે. જેથી સદર વિસ્તારને પ્લાસ્ટીક મુકત કરવા જરૂરી જાહેરનામુ બહાર પાડવા નાયબ વન સરક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગર દ્વારા સંદર્ભ-(૧)થી દરખાસ્ત રજુ થયેલ છે. જેથી પોળો જંગલ વિસ્તારમાં પર્યાવરણ તથા વન્ય પ્રાણીઓને થતુ નુકશાન અટકાવવા પ્લાસ્ટીકના વેચાણ તથા ઉપયોગ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી જણાય છે.

સબબ, હું લલિત નારાયણ સિંધ સાંદુ, (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબના પ્રતિબંધો લાદવા આથી હુકમ કરૂ છુ.

‘જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર"

મોજે વિજયનગર, શારણેશ્વર ચેકપોસ્ટ થી આગળ લાગુ થતુ સમગ્ર પોળો જંગલ

"જાહેરનામાનો પ્રતિબંધ"

જાહેરનામાના ઉકત પ્રતિબંધિત વિસ્તારમાં સીંગલ યુઝ પ્લાસ્ટીકસ બેગ તથા પ્લાસ્ટીકની તમામ વસ્તુના ઉપયોગ, વેચાણ તથા બહારથી લાવવા પર પ્રતિબંધ

"જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો"

આ હુકમ તા.૦૩/૦૧/૨૦૨૬ થી તા.૦૩/૦૩/૨૦૨૬ સુધી(બંને દિવસો સહિત)૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

"પ્રચાર-પ્રસાર

નાયબ વન સંરક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગરએ પ્રાદેશિક અધિકારીશ્રી, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, હિંમતનગરના સંકલનમાં રહી "ઈકો ફ્રેન્ડલી"નું મહત્વ સમજાવવા પ્રચાર પ્રસાર કરવો.

" જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ ".

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં ઉકત જાહેર વિજ્ઞપ્તિના ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ભારતના વન અધિનિયમ ૧૯૨૭ નો કલમ ૨૬ તથા તેની અંતર્ગત કલમો હેઠળની જોગવાઈઓમાં દર્શાવેલી શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા.૦૨જી જાન્યુઆરી-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ललित नारायण सिंध सांदु
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો:

૧. અધિક ચીટનીશ શાખા, સદર કચેરીના પત્ર નં.એલએક્યુ/અભાપુર/વશી/૪૪૫/૧૮, તા.૦૫/૦૪/૨૦૧૮

૨. નાયબ વન સંરક્ષકશ્રી, સાબરકાંઠાના પત્ર ક્રમાંક: બ/પરચ/પોળો/૧૩/૪૫૩૭-૩૯/૨૦૨૫-૨૬, તા. ૩૦/૧૨/૨૦૨૫

૩. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ (BNS)ની કલમ-૧૬૩

આદેશ:-

નં.ડીસી/પીઓએલ/પોળો જંગલ/વાહન પ્રતિબંધ/જાહેરનામું/વશી/૦૨/૨૦૨૬- આમુખ-૧ની વિગતે સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના પ્રવાસન ધામ પોળો ફોરેસ્ટ ખાતે શારણેશ્વર મંદિર પાસે પ્રવાસીઓની સુવિધા વધારવા પગલા લેવા બાબતના ભાગરૂપે પોલ્યુશન ફ્રી ઈકો ટુરીઝમ માટે ટુ-વ્હીલર સિવાયના તમામ વાહનો ફોરેસ્ટ નાકાથી બહાર પાર્ક કરી મોટા વાહનોના પ્રવેશબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા જણાવેલ છે.

આમુખ-૨થી નાયબ વન સંરક્ષકશ્રી, સાબરકાંઠા દ્વારા પોળો વિસ્તારના શારણેશ્વર મંદિરના "ફોરેસ્ટ નાકાથી વણજ ડેમ અને વણજ ડેમથી વિજયનગર તરફ જતા પ્રથમ ત્રણ રસ્તા સુધીના રોડ ઉપર ચાર પૈડા અને તેથી ભારે વાહનો પર પ્રતિબંધ મુકવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જેથી પોળો જંગલમાં વાહનોના પ્રવેશબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

મોજે-અભાપુર, તા-વિજયનગર, જિ-સાબરકાંઠાના ફોરેસ્ટ નાકાથી વણજ ડેમ અને વણજ ડેમથી વિજયનગર તરફ જતા પ્રથમ ત્રણ રસ્તા સુધીના રોડ

જાહેરનામાનો પ્રતિબંધ

મોજે-અભાપુર, તા-વિજયનગર, જિ-સાબરકાંઠાના ફોરેસ્ટ નાકાથી વણજ ડેમ અને વણજ ડેમથી વિજયનગર તરફ જતા પ્રથમ ત્રણ રસ્તા સુધીના રોડ પર ટુ-વ્હીલર સિવાયના તમામ ફોર વ્હીલર કે તેનાથી ભારે વાહનો ઉપર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા. ૦૩/૦૧/૨૦૨૬ થી તા.૦૩/૦૩/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

જાહેરનામા મુજબ અપવાદ

ઉકત પ્રતિબંધ સ્થાનિક રહીશોના પોતાની માલિકીના વાહનો તેમજ સરકારી વાહનો/સરકારી કામે રોકાયેલ વાહન, આકસ્મિક સંજોગોને પહોંચી વળવા ઉપયોગમાં લેવાતા સાધનો જેવા કે એમ્બ્યુલન્સ, અગ્નિશામક વાહન, દિવ્યાંગો તથા શારીરીક રીતે ખોડ-ખાંપણ ધરાવતી વ્યકિતઓ વિગેરેને લાગુ પડશે નહીં.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ"

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા. ૨૦૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં, ઉક્ત જાહેર વિજ્ઞપ્તિના ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ભારતના વન અધિનિયમ ૧૯૨૭ની કલમ ૨૬ તથા તેની અંતર્ગત કલમો હેઠળની જોગવાઈઓમાં દર્શાવેલી શિક્ષાને પાત્ર ઠરશે

આજ તા.૨જી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો

લલિત નારાયણ સિંધ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો:-પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકરીશ્રી, હિંમતનગરના તા. ૦૬/૦૧/૨૦૨૬ના પત્ર નં.શાશન/બિનઅધિકૃત/કાર્યવાહી/ઓન/૮૩

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું

આદેશ

નં.પી.ઓ.એલ-૨/આર.ટી.ઓ કચેરી/એજન્ટપ્રતિબંધ/જા,નામું./વશી/૩૩/૨૦૨૬-સાબરકાંઠા જિલ્લાની પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી (આર.ટી.ઓ.કચેરી) મોજે.સવગઢ, તા. હિંમતનગર ખાતે આવેલ છે. સદરહું કચેરીમાં દરરોજ મોટા પ્રમાણમાં નાગરીકો, અરજદારો અલગ અલગ કામ માટે જેવા કે વાહનોના લાયસન્સ સબંધિત કામગીરી, વાહનની નોંધણી, નોંધણી બાદની કાર્યવાહી, ટેડા ભરવાની કાર્યવાહી, પરમીટ સબંધિત કામગીરી માટે આવતા હોય છે. આર.ટી.ઓ કચેરીઓમાં તા.૦૧/૦૭/૧૯૮૯થી કાયદેસર એજન્ટ પ્રથા નથી. આમ છતાંય ઘણીવાર અરજદારો/ નાગરીકોને ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરી આપવાનું જણાવી કેટલાક અન-અધિકૃત ઈસમો વ્યકિતઓ દ્વારા કચેરીની અંદર પ્રવેશ કરી કચેરીમાં કામગીરી અર્થે આવતા અરજદારો/નાગરીકોને ઉલટી-સીધી વાતો કરી ભોળવીને/લલચાવીને તેમજ મોટરીંગ પબ્લીકને ગેરમાર્ગે દોરીને સરકારશ્રીની નિ:શુલ્ક સેવાઓ કે નિયત દરની મોટરીંગ સેવાઓ ઉપરાંતનો વધારાનો ચાર્જ ગેરકાયદેસર રીતે વસુલવામાં આવતું હોવાનું તથા જાહેર જનતાના પૈસા લઈ ભાગી જતા હોવાનું તથા છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ હોઈ વંચાણે લીધેલ આમુખથી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, સાબરકાંઠા-હિંમતનગર દ્વારા જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત સાદર કરેલ છે.

જેથી આવી પ્રવૃત્તિ અટકાવવા સારૂ તેમજ મોટરીંગ પબ્લીકનું કામ સરળ અને નિયમોનુસાર ઝડપી થાય અને મોટરીંગ પબ્લીક લેભાગુ તત્વોથી છેતરાય નહી અને બિનઅધિકૃત વ્યકિતઓને કચેરીમાં અડચણરૂપ ન બને તો કર્મચારી /અધિકારીઓ સ્વસ્થ ચિત્તે, ભયની લાગણી વગર ધારાધોરણ મુજબની કામગીરી તટસ્થતાપૂર્વક નિભાવી શકે અને સારા વાતાવરણમાં કાર્ય કરી શકે તે માટે અનઅધિકૃત વ્યકિત અથવા વ્યકિતઓની ટોળીને પ્રવેશતા અટકાવવા, ઉભા રહેવા તથા ઉપર દર્શાવેલ મુજબની ગેરકાયદેસર પવૃત્તિઓ કરવા અટકાવવા તથા આવી પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ મુકવો જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું લલિત નારાયણ સિંધ સાંદુ, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો સને ૧૯૫૧ના-ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪)થી મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ હુકમ ફરમાવું છુ.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર અને પ્રવૃત્તિ"

મોજે.સવગઢ, તા.હિંમતનગર ખાતે આવેલ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી(આર.ટી.ઓ કચેરી)ના મકાન સહિત સમગ્ર કમ્પાઉન્ડ વિસ્તારમાં, આ કચેરીમાં કામ કરતા સરકારી અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ, પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તેવા અરજદારો/નાગરિકો સિવાયના અનધિકૃત વ્યક્તિ અથવા વ્યક્તિઓની ટોળીને પ્રવેશતા અટકાવવા, ઉભા રહેવા તથા ઉપર દર્શાવેલ મુજબની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરવા અટકાવવા તથા આવી પ્રવૃત્તિઓ કરવા ઉપર

"જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો"

આ હુકમ તા.૧૨/૦૧/૨૦૨૬થી ૧૨/૦૩/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

"જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ "

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ સજા/ દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૮મી જાન્યુઆરીના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો

લલિત નારાયણ સિંધ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.02.12 15:22:32 IST